ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૯-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### શ્રાદ્ધ : પૂર્વજો અને પર્યાવરણના અર્પણ-તર્પણનું પર્વ

ભાદરવાના કૃષ્ણ પક્ષને પિતૃપક્ષ- માવતરોનું પખવાડિયું કહેવાય છે. આમ તો શ્રાદ્ધ કે પિતૃપક્ષ પુરા સોળ દિવસ ચાલે છે. ભાદરવાની પૂનમથી અમાસ સુધીના આ દિવસો દિવંગત પિતૃઓના સ્મરણ અને તર્પણ માટે અનામત રખાયા છે અને તેથી કોઇ નવું કામ આ દિવસોમાં કરવાની મનાઇ છે. કાળક્રમે આવી ઉત્તમ યોજનાને વહેમીલા લોકોએ અપશુકનિયાળ દિવસોમાં ખપાવીને ખરેખર તો હિંદુ ધર્મની ઉદાત્ત પિતૃતર્પણ ભાવનાની હાંસી જ કરી ગણાય. શ્રાદ્ધથી વધુ પવિત્ર બીજો કયો દિવસ હોઇ શકે? સાંસારિક જંજાળથી ઘેરાયેલો માનવી વરસના વચલા દહાડે (‘વચલા દહાડે’ શબ્દપ્રયોગ પણ સહેતુક છે- વિક્રમ સંવત ગુજરાત સિવાય સર્વત્ર ચૈત્રથી શરૂ થાય છે. વળી એ પંચાંગ અનુસાર પૂનમે મહિનો પૂરો થતો હોઇ શ્રાદ્ધપક્ષ આસોનું પહેલું પખવાડિયું બની જાય છે, આમ એ બરાબર હિંદુ સનાતન વર્ષનો મદ્ય ભાગ બની રહે છે.) પિતૃઓને યાદ કરી એમના નિમિત્તે કાગવાસ નાખે, ગાયકૂતરાંને ખવડાવે અને પિંડદાન કરે એ કેવું પદ્ધતિસરનું આયોજન છે! શરદઋતુમાં પિત્તનું શમન કરવા ખીદનો મહિના છે. પિતૃતર્પણ નિમિત્તે ખીર બનાવાય છે, એ ખીર પિતૃઓને - એમના માધ્યમ લેખે કાગભુશુંડીને - ધરાવી પરિવારજનો જમે છે. આમ શ્રાદ્ધ એ વંશપરંપરાના વિસરાતા ઇતિહાસ અને મૂલ્યોની પુનઃપ્રતિષ્ઠાનું પર્વ છે. માણસ એની પૂર્વજ પેઢીઓના ખભા પર ઊંચકાઇને નવી ક્ષિતિજો સર કરતો રહે છે. એ પ્રતાપી પૂર્વજોને ભૂલી જાય તો એ નગુણો જ ઠરે. આજે ઘરડાં માતાપિતા માટે એમના યુવાન સંતાનોના ઘરમાં જગ્યા નથી બચી ત્યાં દિલમાં તો હોય જ ક્યાંથી? મૂલ્યહ્રાસના આ વિષય કાળમાં શ્રાદ્ધ એ માનવીના સંસ્કારોને બચાવતું પર્વ છે. માણસની માણસાઇ કસોટીએ ચઢી છે. તેવા સમયે શ્રાદ્ધમાં પૂર્વજોને આહાર પહોંચાડવાના માધ્યમ તરીકે પક્ષીઓમાં સૌથી વધુ વગોવાયેલા કાગડા પર પસંદગી ઉતારાઇ છે. કાગડો થઇને પૂર્વજ તો ખીર આરોગવા થોડા હેઠા ઊતરવાના છે? પરંતુ કાગડા જેવા અપ્રિય પક્ષીને પણ ખીર-પૂરી ખવડાવી એવો ગર્ભિત સંદેશ આપણા પૂર્વસીરિઓનો પર્યાવરણ પ્રેમ દર્શાવે છે. શ્રાદ્ધ એ દૃષ્ટિએ પૂર્વજો સાથે પર્યાવરણનું પણ પર્વ બની રહે છે. આપણે ફક્ત આપણા જ પૂર્વજોનું શ્રાદ્ધ કરીને શું કામ અટકી જઇએ? સૃષ્ટિના પ્રારંભથી આજ લગી મનુષ્ય જાતિને જ્ઞાનવિજ્ઞાનનો પ્રકાશ આપી વધુ સારા મનુષ્ય બનાવવામાં જે જે ગુરૂજનો-સર્જકો, વૈજ્ઞાનિકો અને લોકનેતાઓનો ફાળો છે તે બધા જ શ્રાદ્ધના હકદાર છે.

## ઓમ ધ્વનિના માધ્યમથી જીવનમાં તણાવ મુક્ત રહી શકાય છે

ગાંધીનગર, તા. ૧૨

કંપનીમાં કાર્ય કરતા કર્મચારીઓ માટે સ્ટ્રેસ ફી લીવીંગ એન્ડ સેલ્ફ મેનેજમેન્ટ થ્રુ મેડિટેશન વિષય પર સેમિનાર યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં ગોલ્ડમેડાલીસ્ટ જાનકીદીદીએ જાળવી રાખી તનાવ મુક્ત રોજગાર ચલાવવા માટે સ્ટ્રેસ ફી લીવીંગ અને સેલ્ફ મેનેજમેન્ટ વિષય પર સેમનારનું આયોજન થયું હતું. જેમાં બ્રહ્માકુમારીઝના ગોલ્ડ મેડાલીસ્ટ જાનકીદીદીએ વક્તવ્ય આપ્યું હતું. જેમાં ૯૦ થી વધુ સભ્યો ઉપસ્થિત આસનો બતાવ્યા હતા. વિવિધ નાની-નાની રમતો અને ૐ ધ્વનીના માધ્યમથી મેડીટેશન પર પ્રકાશ પાડ્યો હતો. આ પ્રસંગે ચિલોડાના બી.કે. તારાદીદીએ વિદ્યાલય દ્વારા કરવામાં આવતા કાર્યો જણાવ્યા હતા. તેમજ ઉર્જાનગર-૧ના બી.કે. રંજનદીદીએ



વક્તવ્ય આપ્યું હતું.

મનુષ્ય પોતાના કાર્ય બાદ ખુબ જ થાકી જાય છે. તેમજ હરિફાઈના યુગમાં લોકોથી આગળ નીકળવા માટે અથાગ પરિશ્રમ કરવા લાગ્યા છે. દિવસ-રાત વિચાર્યા વિના કાર્ય કરવા લાગ્યો છે. છેવટે સ્વભાવ ઉપર તેની અસર પડે છે.

ત્યારે આજે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સે. ૨૮ દ્વારા સેમીનાર યોજવામાં આવ્યો હતો. જી.આઈ.ડી.સી. એન્જીનિયરીંગ એસોસિએશન સે. ૨૮ના કોમ્યુનિટી હોલમાં મનની શાંતિ રહ્યા હતા.

તેમણે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા તણાવમુક્ત રહેવાના સરળ પરમપિતા શિવ પરમાત્મા દ્વારા ચાલતા ગીતાજ્ઞાન અને રાજયોગનો લાભ લેવા આમંત્રણ પાઠવ્યું હતું.

## રોહિત સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૧૨

દિવાળી પછીથી શરૂ થતા નવા વર્ષમાં સંસ્થા દ્વારા સતાવીસ ગોળના તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ ૨૦૧૪ના વર્ષમાં ધોરણ-૧૦, ધોરણ-૧૨, અનુસ્નાતક, સ્નાતક, પી.ટી.સી., બી.એડ., એમ.એડ., એમ.એસ.સી., મેડીકલ/એન્જીનીયરીંગ તથા અન્ય વિશિષ્ઠ પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને દરેક કક્ષામાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમ આવનાર અથવા સંસ્થા નક્કી કરે તે પ્રમાણે યોગ્ય પુરસ્કાર તેમજ સન્માન પત્રક આપવાના હોઈ તારીખ ૩૧-૧૦-૨૦૧૪ સુધીમાં સંસ્થાના કાર્યાલય ખાતે જે તે ગામના કારોબારી સભ્યને ફોર્મ મોકલી આપવા દરેકને જણાવવામાં આવે છે.



સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનો વિદ્યાર્થી નિનાદ ઠક્કરે સાયન્સ સિટી ખાતે યોજાયેલ નેશનલ સાયન્સ સેમિનારમાં બીજુ સ્થાન મેળવ્યું છે. સેમિનારમાં ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનો વિષય ઈનોવેશન ઈન એગ્રીકલ્ચર ફોર સુટેબલ ક્યુચર હતો.

## આજે શિવરંજનીનો ‘નયનને બંધ રાખીને’ કાર્યક્રમ

શિવરંજની સંસ્થા દ્વારા સભ્યો માટે ‘નયનને બંધ રાખીને..’ મ્યુઝિકલ કાર્યક્રમ આગામી ૧૩મી સપ્ટેમ્બર શનિવારના રોજ યોજવામાં આવશે. કાર્યક્રમમાં સંગીતની સૂરાવલી પ્રજ્ઞાચક્ષુ કલાકારો દ્વારા રેલાવવામાં આવશે. આ કાર્યક્રમમાં સંસ્થાના સભ્યોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## પર્વ વછરાજાની ફુટબોલ ટુર્નામેન્ટમાં ભાગ લેશે

આગામી ૨૨ સપ્ટેમ્બરથી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન ચંદીગઢ ખાતે ઓલ ઈન્ડિયા ફુટબોલ ટુર્નામેન્ટ યોજવામાં આવશે. ટુર્નામેન્ટમાં આરાધના સ્કુલનો વિદ્યાર્થી પર્વ વછરાજાની બારમી એડમીનીસ્ટ્રેટર્સ ચેલેન્જ કપ ઓલ ઈન્ડિયા ફુટબોલ ટુર્નામેન્ટમાં પસંદગી પામ્યો છે.

## પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ગાંધીનગર ખાતે કેસીજી દ્વારા AAA PEER TEAM એ મુલાકાત લીધી હતી. આ ઓડીટના ભાગરૂપે ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ અને વાલીશ્રીઓ હાજર રહ્યા હતા જેમાં PEER TEAM ના મેમ્બરે ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ અને વાલીશ્રીઓ પાસેથી કોલેજ વિષે ફીડબેક લીધું હતુ અને તેમણે સૂચન પણ કર્યા હતા. છેલ્લે સર્વેએ સાથે ભોજન લીધા બાદ આ સ્નેહમિલન કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

## ગાંધીનગરમાં રાજ્યના શ્રેષ્ઠ આચાર્ય અને વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘ અને કડી સર્વ વિદ્યાલય દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે. અધ્યક્ષ પદે વલ્લભભાઈ પટેલ ચેરમેન, કડી વિદ્યાલય ઉપસ્થિત રહેશે.

સેક્ટર-૨૩ બ્રહ્માણી કૃપા હોલ ખાતે તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૦૦ વાગે કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં અધ્યક્ષ પદે વલ્લભભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે એસ.એમ. બારડ, જિલ્લા શિક્ષણાધિકારી, અતિથિ વિશેષ તરીકે કૃષ્ણકાન્ત જહા, તંત્રી ગાંધીનગર સમાચાર અને દિનેશ ચૌધરી ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર જિલ્લા શિક્ષક સંઘ અને કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા યોજાનાર કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓ અને રાજ્યના શ્રેષ્ઠ આચાર્યને પારિતોષિકથી સન્માનિત કરવામાં આવશે.

## હરિની દૃષ્ટિ...




જો પેલો જાડો, બહુ જ કાળો, અને ખાંઉધરો કાગડો છે એને નાખો... એ જ તમારા પિતાજી હોય તેમ લાગે છે...!!

## દોલારાણા વાસણાની શાળામાં કેક કાપીને શિક્ષક દિન ઉજવાયો

ચિલોડા, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના દોલારાણા વાસણા ખાતે આવેલ અને તે મુજબ તેમણે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. આ જ્ઞાન સપ્તાહમાં સ્વયં શિક્ષક દિનની ઉજવણી પણ



શ્રીમતિ એ.એસ.એસ.આર. ભાવસાર હાઈસ્કૂલમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી અનોખી રીતે કરાઈ હતી. આ ઉજવણી દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું હતું વિશિષ્ટ રીતે કરાઈ હતી. જેમાં જેમના નામથી શિક્ષક દિન ઉજવાય છે તેવા ભારતના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિને કેક કારવામાં આવી હતી.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪ની ૧૬મી લોકસભાની ચૂંટણી સાથે કયાં કયાં ચાર રાજયોમાં વિધાનસભાની ચૂંટણી યોજાઇ હતી?
➜ **આંધ્રપ્રદેશ, સિક્કિમ, ઓરિસ્સા, અરૂણાચલ પ્રદેશ**
૨. ૨૦૧૪ની ૧૬મી લોકસભાની ચૂંટણી સાથે ગુજરાતમાં કુલ કેટલી સીટો માટે વિધાનસભાની પેટાચૂંટણી યોજાઇ હતી?
➜ **સાત સીટો**
૩. ૨૦૧૩માં રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કારથી કયા રમતવીરને સન્માનિત કરવામાં આવ્યો હતો?
➜ **રોંજન સોઢી (શૂટીંગ)**
૪. ૨૦૧૩માં ભારત સરકાર દ્વારા કુલ કેટલા રમતવીરોને અર્જૂન પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા?
➜ **કુલ-૧૫ રમતવીરો**
૫. ૨૦૧૩માં કુલ ભારત સરકાર દ્વારા કેટલા લોકોનો દ્રોણાચાર્ય પુરસ્કાર આપવામાં આવ્યા હતા?
➜ **પાંચ**
૬. ૨૦૧૩માં ભારત સરકાર દ્વારા કેટલાં લોકોને ધ્યાનચંદ પુરસ્કાર આપવામાં આવ્યા હતા?
➜ **ચાર**
૭. ૨૦૧૩માં અર્જુન પુરસ્કાર મેળવનાર રમતવીર ચક્રોવેલું સ્વરો કઈ રમત સાથે સંકળાયેલ છે?
➜ **તીરંદાજી**
૮. ૨૦૧૩માં અર્જૂન પુરસ્કાર મેળવનાર રમતવીર રંજીત મહેશ્વરી કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **એથ્લેટિક્સ**
૯. ૨૦૧૩માં અર્જૂન પુરસ્કાર મેળવનાર રમતવીર પી.વી.સંધુ કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **બેડમિન્ટન**
૧૦. ૨૦૧૩માં અર્જૂન પુરસ્કાર મેળવનાર રમતવીર રૂપેશ શાહ કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **બિલિયર્ડ્સ**
૧૧. ૨૦૧૩માં અર્જૂન પુરસ્કાર મેળવનાર રમતવીર વિરાટ કોહલી કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **ક્રિકેટ**
૧૨. ૨૦૧૩માં અર્જૂન પુરસ્કાર મેળવનાર રમતવીર અભિજીત ગુપ્તા કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **ચેસ**
૧૩. ૨૦૧૩માં અર્જૂન પુરસ્કાર મેળવનાર રમતવીર ગગનજીત ભુલ્લર કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **ગોલ્ફ**
૧૪. ૨૦૧૩માં અર્જૂન પુરસ્કાર મેળવનાર રમતવીર સબા અંજૂમ કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **હોકી**
૧૫. ૨૦૧૩માં અર્જૂન પુરસ્કાર મેળવનાર રમતવીર રાજકુમાર રાઠોડ કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **શૂટીંગ**
૧૬. ૨૦૧૩માં અર્જૂન પુરસ્કાર મેળવનાર રમતવીર જોશના ચિનપ્પા કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **સ્ક્વોશ**
૧૭. ૨૦૧૩માં અર્જૂન પુરસ્કાર મેળવનાર રમતવીર મૌમાદાસ કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **ટેબલ ટેનિસ**
૧૮. ૨૦૧૩માં અર્જૂન પુરસ્કાર મેળવનાર રમતવીર નેહા રાઠી કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **કુસ્તી**
૧૯. ૨૦૧૩માં અર્જૂન પુરસ્કાર મેળવનાર રમતવીર ધર્મેન્દ્ર દલાલ કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **કુસ્તી**
૨૦ ૨૦૧૩માં અર્જૂન પુરસ્કાર મેળવનાર રમતવીર અમિત સરોહા કઈ રમત સાથે સંકળાયેલા છે?
➜ **એથ્લેટિક્સ**

# જગત આખું ભારતને અને ભારતીયતાને વખાણે છે, અને આપણે ભારતને વખોડીએ છીએ!

### ચાલો, આપણે આપણને ઓળખીએ!

હર્ષદ પ્ર. શાહ

આજથી બરાબર ૧૨૧ વર્ષ પહેલાંની એક મહાન ઘટનાનું સ્મરણ કરીએ. ૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૩નો એક યાદગાર દિવસ. અમેરિકાના શિકાગો શહેરના કોલંબસ હોલમાં વિશ્વના બધા ધર્મોના ધર્મગુરૂઓ - પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા. ભારતમાંથી હિન્દુ ધર્મના પ્રતિનિધિ તરીકે સ્વામિ વિવેકાનંદ, જૈન પ્રતિનિધિ તરીકે વીરચંદ ગાંધી તથા અન્ય ૩-૪ મહાનુભાવો પણ ત્યાં હાજર હતા. એ સભામાં વિવેકાનંદના ટૂંકા પ્રવચનથી બધા અત્યંત પ્રભાવિત થયા. એમને હિન્દુ જીવનદર્શન અને સંસ્કૃતિને અનેરી ઊંચાઇ બક્ષી. હિન્દુ ધર્મ વિશે વધુ જાણવાનું બધાનું કુતૂહલ વધ્યું. ત્યાંની પ્રજાએ એમને Hindu Monk કહી નવાજ્યા. ભારતે એમનામાં યોદ્ધાં સંન્યાસીનાં દર્શન કર્યા. હિન્દુ સંસ્કૃતિની વ્યાપક અને સર્વસમાવેશક વિભાવનાથી જગત સ્તબ્ધ હતું. સ્વામીજી જન-જનના હૃદયમાં આગવું સ્થાન પામ્યા.

આ દિવસ હતો સાંસ્કૃતિક દિગ્વિજયનો... વિશ્વવિજયનો! તલવાર ઉપાડ્યા વિના જગને જીતવાનો આ કસબ હતો. ભારત તરફ જોવાની અનેક લોકોની દૃષ્ટિમાં પરિવર્તન આવ્યું. ઉપહાસનું સ્થાન સ્વીકૃતિએ લીધું. ભારત ગૌરવાન્વિત બન્યું, વિવેકાનંદ વિશ્વમાનવ!

ગુલામીના એ કપરા કાળમાં ભારતે અનેરી શાતા અનુભવી. કોઇને... કોઇ તરસ્યાને રણમાં મીઠી વીરડી મળે એવી શીતલહેર દેશભરમાં વ્યાપી ગઇ. કેટલાય કાળ પછી ભારતે ભારત હોવાનું ગૌરવ અનુભવ્યું. ભારતીયોએ પોતાના ભારતીય હોવાપણાનો ગર્વ અનુભવ્યો. કારણ, ભારતીયતા એ જ તો આપણું જીવનસત્ત્વ છે!

૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે ભારતે સ્વતંત્રતાનો પહેલો શ્વાસ લીધો. ભારત જેવા એક મહાન રાષ્ટ્રને પુનઃ ચૈતન્યનો ધબકાર સાંપડ્યો. બધાને એમ હતું કે હવે ‘નિજ તંત્ર’.... ‘સ્વ તંત્ર’ સ્થપાશે. સ્વભાષા, સ્વભૂષા અને સ્વત્વનું પુનઃસ્થાપન થશે. પણ, રે દૈવ! એમ ન થયું. અંગ્રેજો ગયા, પણ એમની અંગ્રેજીયતનો વારસો મૂકતા ગયા. કહેવાતી સભ્યતા અને આધુનિકતાને ભારતના તત્કાલીન નેતૃત્વને ગળે લગાવી અને દંભયુક્ત વ્યામોહના ભયાનક પાશમાં આપણે સપડાયા. અંગ્રેજીયત સારી લાગવા માંડી અને ભારતીયતા નઠારી. આપણે આપણી ઓળખ ભૂલ્યા. મહર્ષિપુત્રોના દેશમાં મેકોલપુત્રો અત્યધિક પ્રભાવી બન્યા. અંગ્રેજીયતની નાગચૂડ દિનપ્રતિદિન વધતી જ રહી અને ભારતીયતાના વિસ્મરણનો વ્યાપિ વકરતો ગયો. આજે તો હિન્દુ શબ્દ બોલતાંની સાથે કેટલાક બિનસાંપ્રદાયિકોને કોમવાદની બૂ આવે છે. એ એક સુંદર, સહિષ્ણુ અને વ્યાપક જીવનશૈલી (Way of life) છે એ સમજવાની એ વિદ્વાનોની લેશ તૈયારી નથી. ભારતીય... ભારતીયકરણ એવા શબ્દ સાંભળતાંની સાથે એમનું નાકનું ટેરવું ચડી જાય છે. વૈશ્વીકરણને વહાલ કરતાં આ મહાનુભાવો રાષ્ટ્રીયતાને સમજી શકતા નથી. દરેક રાષ્ટ્રને એની આગવી ઓળખ - પહેચાન હોય છે એ વાત એમને ગળે નથી ઊતરતી. આવા લોકો ભારતીય પરંપરા, પ્રાચીન સંસ્કૃતિ અને ઇતિહાસની વાતો સાંભળીને કાગારોળ કરી મૂકે છે.

ભારતની આવી પ્રવર્તમાન સ્થિતિમાં ભારત માટે વિશ્વભરનાં વિદ્વાનો અને ચિંતકો શું કહે છે એ જાણવું અત્રે રસપ્રદ બની રહેશે.

જરન્મ દાર્શનિક સોપનહોવર જયારે મૃત્યુશૈયા પર હતા ત્યારે તેમને ઉપનિષદનો અનુવાદ પ્રાપ્ત થયો. એ વાંચીને વિસ્મિત- વિમુગ્ધ થઇને તેઓ કહે છે, ‘આ અનુપમ ગ્રંથ આત્માના ઊંડાણને સ્પર્શે છે. એના પ્રત્યેક વાકયમાંથી મૌલિક, ગંભીર અને તેજસ્વી વિચાર ઉપસી આવે છે. આપણી ચારે બાજુ ભારતીયતાનું વાતાવરણ આપમેળે ખડું થઇ જાય છે અને એવું પ્રતીત થાય છે કે જાણે આપણા આત્મિક બંધુઓના આ વિચારો ન હોય! આપણાં મન પર યહૂદી સંસ્કારનાં જે રૂઢિ અને અંધશ્રદ્ધા છવાયેલાં છે તે ઉપનિષદોના સ્પર્શ માત્રથી દૂર થાય છે. સમગ્ર સંસારમાં આની બરાબરી કરે એવો કોઇ ગ્રંથ નથી. જીવનમાં આ તબક્કે મને એવું આશ્વાસન પ્રાપ્ત થયું છે અને મૃત્યુપર્યંત આ આશ્વાસન મારી સાથે રહેશે.’

શ્રીદાન હુન કહે છે, ‘વિશ્વના આધ્યાત્મિક ગુરૂ હોવાનું ગૌરવ તો ભારતે જ આપી શકાય.’

અમેરિકાનાં પૂર્વ ચીની રાજદૂત હૂ શિહે કહ્યું છે, ‘સાંસ્કૃતિક દૃષ્ટિએ ભારતે ચીન પર છેલ્લી ૨૦ શતાબ્દીઓથી વિજય પ્રાપ્ત કર્યો છે. એટલું જ નહીં, એની ઉપર વર્ચસ્વ જમાવ્યું છે... અને આ સફળતા માટે એણે એક પણ સૈનિક મોકલ્યો નથી!’

ડો. એની બેસન્ટના ઉદ્‌ગાર છે, ‘દુનિયાના મહાન ધર્મોના મારા ૪૦ વર્ષના અધ્યયન પછી મને એટલું સમજાયું છે કે હિન્દુ ધર્મ જેટલો વૈજ્ઞાનિક, દાર્શનિક અને આધ્યાત્મિક બીજો કોઇ ધર્મ નથી. તમે જેટલો વધુ એને જાણશો તેટલો વધુ પ્રેમ તેને કરશો અને જેટલો વધુ સમજશો તેટલો જ આદર તેને આપશો.’

મહાન દાર્શનિક વિલ ડ્યૂરા કહે છે, ‘એ સત્ય છે કે ભારતે આપણને વ્યાકરણ, તર્કશાસ્ત્ર, દર્શન કથાઓ, સંમોહન વિદ્યા અને શેતરંજ; તથા એ બધાથી ઉપર આપણને અંક અને દશાંસ પદ્ધતિની મહાન ભેટ આપી છે. પણ એનાથી કયાંક વધારે પરિપક્વ બુદ્ધિ, સહનશીલતા અને શાલીનતા, અસંગ્રહશીલતા આત્માનો શાંત સંતોષ, સમજદાર વ્યક્તિત્વની શાંતિ અને પ્રત્યેક જીવિત પ્રાણીઓ પ્રત્યે એકાત્મ ભાવ અને પ્રેમનું શિક્ષણ આપ્યું છે. મિસ્ર, બેબીલોનીયા કે સીરિયાને કોઇ નામશેષ કરી શકે છે પણ ભારતને નહીં કરી શકે કે એનો ઇતિહાસ સતત રચાતો રહ્યો છે અને સભ્યતા પણ એટલી જ જીવંત છે.’

પ્રો. ઇમર્સન કહે છે, ‘વેદ આપણા જીવનને સમુન્નત કરે છે. યુરોપનાં સમસ્થ દર્શન અને વિજ્ઞાન વેદની તુલનામાં નગણ્ય છે. વિશ્વના બધા લોકોએ વેદ પ્રત્યે ઉન્મુક બનવાની જરૂર છે.’

ડો. આર્નોલ્ડ (બ્રિટીશ ઇતિહાસકાર) લખે છે, ‘વિજ્ઞાન અને પ્રવિધિના વિકાસની સાથે સાથે એ શક્ય છે કે વીસમી શતાબ્દીના અંતિમ ચરણ સુધીમાં સમગ્ર સંસાર અમેરિકાના પ્રભાવક્ષેત્રમાં આવી જાય, પરંતુ એકવીસમી સદીમાં જયારે વિજ્ઞાનનું સ્થાન અધ્યાત્મ લેશે અને ટેકનિકનું સ્થાન ધર્મ લેશે ત્યારે ભારત જ સમસ્ત માનવ જાતિનો આધ્યાત્મિક ગુરૂ હશે. આજના સંઘર્ષમય સંસારમાં વિવિધતાંમાં એકતાનો રસ્તો, જે સુખ અને શાંતિનો માર્ગ છે, એ કેવળ હિન્દુસ્તાન જ દેખાડી શકે છે.’

પ્રો. લુઇ રિનાઉ કહે છે, ‘સંસારના દેશોમાં ભારતય પ્રત્યે લોકોના પ્રેમ અને આદરનું કારણ ભારતની બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક સંપદા છે.’

બી.બી.સી.ના એક સમયના પત્રકાર અને લેખક માર્ક ટુલી કહે છે, ‘જયારે પશ્ચિમ પોતાના જીવનમૂલ્યો પર પુનર્વિચાર કરી રહ્યું છે ત્યારે પોતાની સંસ્કૃતિ અને ઓળખને જાળવી રાખવી એ જ ભારત માટે શ્રેયસ્કર છે, નહીં કે અમેરિકા જેવું બની જવું!’

માર્ક ટ્વેઇન કહે છે, ‘ભારત માનવ જાતિનું ઉત્પત્તિનું પારણું છે, માનવીય ભાષાની અને ઇતિહાસની જનની છે અને પ્રાચીન પરંપરાઓની દાદીમા છે.’

આમ, જગત આખું ભારતને અને ભારતીયતાને વખાણે છે, અને આપણે ભારતને વખોડીએ છીએ!

શું આપણે આપણને ઓળખવાની પહેલ કરી શકીશું?
ચાલો, પ્રયત્ન આરંભીએ.